# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, મહેસાણા

બ્લોક નં.૪, ત્રીજે માળ, બહુમાળી ભવન, મહેસાણા

(ISO 9001:2008 Certified)

Phone No: (02762) 221171, Fax No: 221171, Email Id: mahedeo@gmail.com


ક્રમાંક:માવિ.૧/પરિપત્ર/૨૦૧૯/ તા. ૨૮/૦૨/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રીઓ,

બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

જિલ્લો-મહેસાણા.

વિષય: રવિવારે તથા જાહેર રજાના દિવસે સ્પર્ધાત્મક પરીક્ષાની તથા અન્ય સરકારી કામગીરીની વળતર રજા બાબતે.

સંદર્ભ: (૧)શ્રા.વ.વિ. પરિ.ક્રમાંક ઓએફટી-૧૦૮૦-૧૪૬૬-૫, તા.૩૧/૦૩/૧૯૮૨.

(૨)શ્રા.વ.વિ. પરિ.ક્રમાંક ઓએફટી-૧૦૮૨-૪૭૦૯-૫, તા.૩૧/૦૩/૧૯૮૨.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે વિવિધ ખાતાઓ દ્વારા અવારનવાર રવિવારે તથા જાહેર રજાના દિવસે શાળામાં ફાળવેલ કેન્દ્રો ઉપર સ્પર્ધાત્મક તથા અન્ય પ્રવેશ પરીક્ષાઓ લેવામાં આવે છે. જેમાં સુપરવિઝન તથા અન્ય કામગીરી માટે શાળાના સ્ટાફને રોકવામાં આવે છે. આ કામગીરી માટે વિવિધ ખાતાઓ દ્વારા નક્કી કરેલા દર મુજબ રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. પરંતુ કામગીરીના લીધે તેઓ પોતાના હક્કની રવિવારે તથા અન્ય જાહેર રજાના લાભથી વંચિત રહે છે માટે આ કામગીરીને લીધે ન ભોગવી સકેલ રજાના બદલામાં વળતર રજા આપવામાં આવે.

ઉપરોક્ત માંગણી તથા સંદર્ભપત્રોની જોગવાઈઓને ધ્યાને રાખી વિચારણાને અંતે નીચેની સૂચનાઓને ધ્યાને રાખી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં રોકાયેલ અને રજા ન ભોગવી સકેલ સ્ટાફને તેના બદલામાં સંદર્ભ પત્રોમાં કરેલ જોગવાઈ તથા સૂચના મુજબની વળતર રજા આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧)આ પ્રકારની વળતર રજા પરીક્ષામાં રોકાયેલ કર્મચારીને જ મળવાપાત્ર થશે.

(૨)આ પ્રકારની વળતર રજા એકી સાથે ફક્ત એક જ ભોગવી શકાશે.

(૩)આ પ્રકારની વળતર રજા જે-તે શૈક્ષણિક વર્ષમાં ભોગવી લેવાની રહેશે.

(૪)આ પ્રકારની વળતર રજા સર્વિસ બુકમાં ઉધારવાની નથી કે તેની રોકડ રૂપાંતર ગણતરીમાં ધ્યાને લેવાની નથી.

(૫)આ પ્રકારની વળતર રજા જે-તે શૈક્ષણિક વર્ષ પુર્ણ થતાં આપોઆપ રદ થઈ જશે.

(૬)અન્ય સૂચનાઓ સંદર્ભ પત્ર-૧ મુજબની રહેશે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને રાખી આ પ્રકારની વળતર રજા આપવાના પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

મહેસાણા,જિલ્લો-મહેસાણા

**નકલ રવાના:-**

-પ્રમુખશ્રી,આચાર્યસંઘ,જાણ સારૂ

-પ્રમુખશ્રી,માધ્યમિક શિક્ષણ સંઘ,જાણ સારૂ

Scanned by CamScanner